






ડૂબી ગયું શિસ્ત, સંઘહ્રને પણ હદ કરી!
મૌન છે સંઘ સેવકો, ઘૂસ્યા ગૂંડા છળ કરી!
વકરી ખાયકી હવે કોઇ રહ્યું નથી કોરું!
સેવા ને સંઘના બૂરખા નીચે છે ગડકરીઓ..




છે તાણખેંચ,
સત્તા ના હાડકાંની -
લડે કૂતરાં..
ટિકીટનું મહાભારત)

કોઇ નું કંઇ
ખખડતાં વાસણો
સાંભળે નહીં -
(જૂથ બંધી)

## ચિંતન

**કામક્રોધો લોભમોહો દહે તિષ્ઠન્તિ તસ્કરાઃ ।**
**જ્ઞાન રત્ના મહાશય તસ્માજ્જાગૃહિ જાગૃહિ ॥**

'કામ, ક્રોધ, લોભ અને મોહ જેવા ચોરો જ્ઞાન રૂપી રત્નોની ચોરી કરવા શરીરમાં ભરાઇને રહ્યા છે માટે જાગો અને જાગતા રહો.'

વ્યક્તિ 'આશ્રમ' મુજબ બ્રહ્મચર્ય-ગૃહસ્થ-વાનપ્રસ્થ અને સન્યસ્ત આશ્રમ પ્રમાણે જીવન જીવતા એ પુરાણ અને પ્રાચીન ધર્મગ્રંથ મુજબનું શાસ્ત્રીય જીવન હતું. અભ્યાસ-અધ્યયનને કારણે જીવનનો હેતુ અને ધ્યેયને જાણકાર 'જ્ઞાની' કહેવાય. આ 'જ્ઞાન' માર્ગ પરથી ચલિત કરવા સંસારના મહાન ચાર ચોર છે.

'કામ-ક્રોધ-લોભ-મોહ' - વાસનાને કારણે ગમે તેવો સાધુ ચરિત સજ્જન પણ સાત્ત્વિક માર્ગેથી ચલિત થઇ જાય છે અને 'જ્ઞાન' ને વિસારે પાડી એક અજ્ઞાની જેવું દરાચરણ આદરે છે.

ક્રોધમાં - માણસ હોસ-હવાસ ભૂલી જઇ ગમે તેવું બેહુદું વર્તન કરે છે અને મન-વચન-કર્મનાં બધાં જ અંકૂશ તૂટી જાય છે.

લોભ-ધનનો લોભ માણસને ગાંડો બનાવી નાખે છે. આપણે જોઇએ છીએ. કરોડો-અબજોથી પણ માણસનો લોભ અટકાવી નથી શકાતો.

મોહને કારણે જિંદગીની બધી જ મર્યાદાનો ભંગ થઇ જાય છે, જ્ઞાન છિન્ન-ભિન્ન થઇ જાય છે.

## સુવિચાર

- રાજકીય નેતાઓનું સંમેલન એટલે સર્કસના સ્વાંગમાં રમાતી શતરંજની રમત **- એલિસ કૂક**
- રાજકારણી ખૂબ ન્યાયપ્રિય અને આખાબોલા હોય છે, તેઓ કદી કોઇનું સારૂં તો બોલતા જ નથી **- એન્ટોનિયો**
- સામાન્ય રીતે નેતાઓ પ્રજાને ભૂલ્લક્કડ અને મૂરખ જ સમજતા હોય છે, અને પોતાને ચાણક્યના પિતાશ્રી જ સમજતા હોય છે **- એસ. ભટ્ટાચાર્ય**
- વિશ્વના તમામ રાષ્ટ્રોને વાસ્તવમાં રાજકીય નેતાઓ નહીં સાંસ્કૃતિક નેતાઓની જરૂર છે **- વિષ્ણુ પંડ્યા**
- જુલ્મગાર શાસક અને શાસન જંગલી વાઘ કરતાં પણ વધારે વિકરાળ છે **- બટ્રાંડ રસેલ**
- સત્તા ધીમે ધીમે બધા જ માનવીય ગુણોનો નાશ કરે છે **- બર્ક**
- પદ પરથી ઉતર્યા પછી પણ જે પ્રજાના હૃદયરૂપી સિંહાસન પર વિરાજમાન રહે તે નેતા સાફળ **- સ્વામી સદાનંદ**

## બોધ કથા

ઘણીવાર શિક્ષકો, પોલીસવાળા કે ન્યાયાધીશ પોતાના ઘરનાં સંજોગો, પરિસ્થિતિથી પિડાતા હોય છે ત્યારે કોઇનો ગુસ્સો કોઇ પર નીકળી જાય છે. ઘણીવાર આને કારણે વધારે પડતી સજા થઇ જતી હોય છે આવી વધારે પડતી કે ખોટી સજા થઇ જાય પછી પશ્ચાતાપ થાય પણ એનો શું અર્થ?!

હિન્દી ભાષાના મોટા સાહિત્યકાર જૈનેન્દ્ર કુમાર જૈન - જયારે ચોથા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે શિક્ષકે અંગ્રેજી વ્યાકરણની એક વ્યાખ્યા પૂછી વિદ્યાર્થી જૈનેન્દ્રએ ચાર લીટીની વ્યાખ્યા અક્ષરસઃ પુસ્તક પ્રમાણે જ ભૂલચૂક વિના બોલી ગયા.

**શિક્ષકને થયું કે જૈનેન્દ્ર પુસ્તકમાંથી જોઇ જોઇને જ બોલ્યા છે. તેને ટેબલ પાસે બોલાવી હથેળી રાખવા કહ્યું અને બે આંકણી જોરદાર ફટકારી દીધી. જવાબ સાચો આપ્યો છતાં સજા માટે થઇ એ જૈનેન્દ્રને સમજાયું નહીં. તેથી ત્યાં જ ઉભો રહ્યો અને હથેળી પણ ન ખસેડી** શિક્ષકને પૂછ્યું, મને શેની શજા કરી?

શિક્ષક કહે પુસ્તકમાંથી જોઇને જવાબ આપ્યો તેની. જૈનેન્દ્રએ મક્કમ અવાજે કહ્યું મેં જોઇને જવાબ નથી આપ્યો, કહો તો ફરી બોલી જાઉં?

અને ફરી જવાબ કડકળાટ બોલી ગયા

હવે શિક્ષકને પશ્ચાતાપ થયો, અને કહ્યું, જૈનેન્દ્ર મારી ભૂલ થઇ! અને આંખ ભીની થઇ.

# દરેક બાળકોએ પોતાનું પૂરું નામ, માતા-પિતાનું પૂરૂં નામ, ઘરનું સરનામું, ફોન નંબર, પોતે જે એરિયામાં રહેતા હોય તેનો પિન-કોડ નંબર પણ કંઠસ્થ કરવો જરૂરી છે

### સમાચાર સેતુ

● ગાંધીનગર સાહિત્ય સભાની દર માસે નિયમિત યોજાતી બેઠક તા. ૨૧-૧૦-૨૦૧૨ ના સાંજે ૪ : ૦૦ કલાકે કવિ નટવર હેડાઉ મંત્રી ગાંધીનગર સાહિત્યસભાના સાંનિધ્યમાં યોજાઈ હતી. જેમાં સાહિત્યિક ચર્ચા તેમજ સ્વરચિત કૃતિઓનું પઠન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ભરત પાઠક 'નયન', 'કવિ મુલાંકી, સુમંતભાઇ શાહ, મહેન્દ્રભાઇ રાઠોડ, સોમાભાઈ પરમાર, મૌલિક બોરીજા, અશ્વિન પટેલ વગેરેએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.'

● ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ દોલત ભટ્ટ, ઉપપ્રમુખ ભરત કવિ 'ઉર્મિલ', કવિ પ્રવિણ ગઢવી સહિત ગાંધીનગરના અનેક સાહિત્ય સ્વામીઓની ઉપસ્થિતિમાં તાજેતરમાં બહુચરાજી ખાતે શિવદાન ગઢવીના બે પુસ્તકોના લોકાર્પણનો કાર્યક્રમ સંપન્ન થયો હતો.

● 'તથ્ય' સાપ્તાહિકનો દિપોત્સવી અંક પ્રગટ થવાનો છે તે માટે સાહિત્યકારો પાસેથી કૃતિઓ માંગવામાં આવી છે.

● તાજેતરમાં કવિ ગઝલકાર ચંદુ મહેસાનવીનો ગઝલ અછાંદસ રચનાઓનો સંગ્રહ 'વિશ્વાસ છે હજી' પ્રગટ થયો છે.

### લેખ સેતુ : બાળકોની ઉઠાંતરી

આજકાલ બાળકોને ફોસલાવીને, લાલચ આપીને, ચોકલેટ, આઈસક્રીમ કે બિસ્કીટ આપીને રસ્તામાંથી જ ઉઠાવી જવાની, અપહરણ કરવાની જે રીતો રીઢા ગુનેગારો, લૂંટારા કે ગુંડાઓ અપનાવી રહ્યા છે. તેનાથી બચવા દરેક બાળકો પોતે તેમજ તેના માતા-પિતાએ નીચે દર્શાવેલ ઉપયોગી સૂચનો અમેરિકાના સાઈકૉલોજિસ્ટ જેરી સાઈમન્સ અને પોલીસના વડા સ્ટીવન એન્ડરસને વિશ્વની જનતાના હિત માટે કરેલ છે, તો શા માટે આપણે પણ તેમને ન અપનાવીએ?

● દરેક બાળકોએ પોતાનું પૂરું નામ, માતા-પિતાનું પૂરૂં નામ, ઘરનું સરનામું, ફોન નંબર, પોતે જે એરિયામાં રહેતા હોય તેનો પિન-કોડ નંબર પણ કંઠસ્થ કરવો જરૂરી છે.

● દરેક માતા-પિતાએ બાળકોને ઘરથી શાળાનાં રસ્તા વચ્ચે આવતાં સુરક્ષિત સ્થાનો જેવા કે વિશ્વાસુ મિત્રનું ઘર, પોલીસ સ્ટેશન, ગ્રાહકોથી ધમધમતો સ્ટૉર, રેસ્ટોરન્ટ કે બીજી પબ્લિક સ્કૂલ દેખાડવા જોઈએ, જેથી કોઈ પણ મુશ્કેલી ઊભી થાય તો આવાં સ્થળોએ તુરંત જઈ મદદ માગી શકાય અને સુરક્ષિત રહી શકાય.

● કોઈ પણ અજાણી વ્યક્તિ નજીક આવી અડવાનો પ્રયાસ કરે અને બાળકને જો ન ગમે તો તુરંત જ બાળકો રાડ નાખી તેને દૂર રહેવા જણાવવું. છતાં જો અજાણી વ્યક્તિ બીજાની હાજરીમાં શુભેચ્છક હોવાનો દાવો કરે તો બાળકે તુરંત જ જોરથી બધાને જણાવવું કે તે મારા પિતા (કે માતા) નથી તેને દૂર કરો. આટલું થતાં જ અજાણી વ્યક્તિ પકડાઇ જવાની બીકે ભાગી જશે.

● દરેક બાળકોએ પોતાના મિત્રો સાથે અને ગ્રુપમાં જ રમવું જોઈએ. દરેક બાળકને પોતાના મિત્રના ઘરનું સરનામું તેમજ મિત્રના માતા-પિતાનું પૂરૂં નામ આવડતું હોવું જોઈએ. આવા જાણીતા મિત્રને ઘરે રમવા જતી વખતે દરેક બાળકે પોતાના માતા-પિતાને કયાં મિત્રના ઘરે રમવા જાય તે કહીને જ જવું જોઈએ. માતા-પિતાએ પણ આગ્રહ રાખવો જોઈએ કે તેનું બાળક તેમને કહીને જ જાય કે તે કયાં જાય છે.

● ઘરેથી શાળાએ કે શાળાએથી ઘેર આવતી વખતે રસ્તામાં આવતી કોઈ એકાંત જગ્યા કે સૂમસામ બગીચા કે અંધારિયા અવાવરા રસ્તામાં જો એવું લાગે કે કોઈ કાર તેનો પીછો કરી રહી છે, તો તુરંત જ ઊભા રહી વિરૂધ્ધ દિશામાં ચાલીને રસ્તાને છેડે ઊભા રહી જવું જોઈએ ને કાર ગઈ કે કેમ તેનું ધ્યાન રાખવું. કોઈ મોટર કે વાહનવાળો તેનું વાહન ઊભું રાખી કાંઈ પૂછે તો તેનાથી ૧૦ થી ૧૫ ફૂટ દૂર ઊભા રહીને કહી દેવું કે, 'હું જાણતો નથી' અને દૂર ચાલવા માંડવું.

● બહુ કિંમતી ઘડિયાળ કે સોનાની ચેઈન કે કોઈ જ કિંમતી ઘરેણા પહેરવાં નહી. આવી કિંમતી વસ્તુઓ જ લૂંટારાને આકર્ષે છે અને બાળકોનો જાન જોખમમાં આવી પડે છે.

● માતા-પિતાએ પોતાના બાળકો સાથે નિખાલસતાથી વાતો કરી જાણવું જોઈએ કે તેના મિત્રો કેવાં છે? જો કોઈ છોકરાં ઝઘડાળું હોય, પાન-મસાલા ખાવાની આદતવાળા હોય તો એવાની સાથે મિત્રતા ન રાખવી જોઈએ. દરેક માતા-પિતાએ પોતાના બાળકને આ વાત ખાસ સમજાવવી જોઈએ.

● બાળકો એકલાં ઘરે હોય તો અંદરથી બારણાંને તાળું મારી દેવું અને કોઈનો ફોન આવે તો ફોનમાં એમ ન કહેવું કે તે એકલો જ ઘરે છે ને મારા-પિતા બહાર ગયાં છે. આવે સમયે બાળકો ફોનમાં સામેની વ્યક્તિને ફરી ફોન કરવાં કહેવું.

આમ છતાં પણ જો કોઈ બાળક કોઈ બદમાશનો શિકાર બની જાય તો બાળકને કદી દોષ ન દેવો. કારણ કે કોઈને લૂંટારા કે ગુંડાનો શિકાર બનવું ગમતું જ નથી અને ખાસ કરીને બાળકોને તો કદી નહી.

**- અશ્વિનકુમાર એસ. પટેલ**

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### કાવ્ય સેતુ : ગીતનું ટોળું

રૂમાલ પાથરી બેસું ત્યાં તો આવે ગીતનું ટોળું,
જરીક રમે ત્યાં માની લઉં કે, સાવ બિચારૂં ભોળું!
હા, આવે ગીતનું ટોળું...
ગુંજન કરતું ગમ્યા કરે એ એના લયમાં ટોળું
લખવા બેસું મન મચકોડે શબ્દો કયાંથી ખોળું?
હા, આવે ગીતનું ટોળું...
મનવા, કયાંથી ઊંડે ઊંડે, વાગે હળવી ઢોળું!
ઘડીક મઝાનું ઝરમર થાવા, વાદળ થઇ ઢંઢોળું!
હા, આવે ગીતનું ટોળું...
એમ હશે કે આમ હશે આ મન જરા ફંફોળું,
દ્રશ્ય ખડું કે કરવા માટે, શું શું રે ખંખોળું?
હા, આવે ગીતનું ટોળું...

**- ભરત પાઠક 'નયન'**

### ખેવના

દિવસ પછી રાત ને રાત પછી દિવસ
સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ
ઘડિયારના ચક્રો ફર્યા કરે
સમય સમયે વહેતો રહે
જન્મ ને મરણ, ખિલવું કે કરમાવું
નિંદામણનું ઉછવું પછી નિંદાવું
વાવણું ને લણવું
વાવો તેવું લણો ને કરો તેવું પામો
આંબા વાવશો, કેરી ખાશો, બાવળ વાવશો કાંટા વાગશે
ગુલાબ વાવશો ફૂલ ગુલાબ, કુંવશ વાવશો તો ખણાખણ
જેવું અન્ન તેવો ઓડકાર, જેવું મન તેવા વિચાર
જેવા વિચાર તેવું આચરણ, કરણી તેવી ભરણી
તેથી આવશ્યક તન મન ને ધન પર નિયંત્રણ - નિયમન
તનમનનો નિયંત્રક કોણ?
જીવાત્મા
નિયંત્રણ કોના દ્વારા?
મન, બુધ્ધિ, પ્રજ્ઞા ને વિવેક દ્વારા નિયંત્રણ-નિયમન
જીવનનો ઉદ્દેશ્ય?
ઉન્નત સંસ્કારી જીવનનો ઉદ્દેશ્ય શ્રેય, મુક્તિ ને પરમાનંદ
કેવી રીતે?
કામ, ક્રોધ, લોભ, મોહ, મદ ને મત્સરનાં આવરણો,
જે જન્મ જન્માંતરેથી લાગેલાં છે તેને દૂર કરવાં,
સમર્પણ ભાવથી ભક્તિસેવા, દયા, પ્રેમ ને કરૂણા સહારે
નિર્મળ તનમન દ્વારા શુધ્ધાત્માનો સ્વાનુભવ સહ,
પરમેશ્વરની કૃપાથી સાયુજ્ય મુક્તિને પરમાનંદ પામવાની ખેવના


**- સુમંતભાઇ મં. શાહ**

# ભાજપની રાષ્ટ્રીય નેતાગીરી ગડકરીની પડખે ઊભી રહેવાનો દેખાવ તો કરી રહી છે, પરંતુ સ્ટિંગ ઑપરેશનમાં નાણાં લેતાં ઝડપાઈ ગયેલા પૂર્વ ભાજપ પ્રમુખની કેવી દશા થયેલી તે સર્વવિદિત છે

## સંઘ-ભાજપના ગળાની ફાંસ બની રહેલા ગડકરી - વર્તમાન પ્રવાહો

**- કેશુભાઇ દેસાઇ**

ગ્રહણ ટાણે જ સાપ નીકળ્યો હોય એમ ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન ગડકરી સામે આક્ષેપોનું વાવાઝોડું ફૂંકાઇ રહ્યું છે. સંઘ તરફથી ભાજપના પ્રમુખપદ માટે એમનું નામ સૂચવાયું ત્યારે ઘણા બધાને કીડીના મોઢામાં કાલિંગડું આવી ગયું હોય એવું જ લાગેલું. મહારાષ્ટ્રના વરિષ્ઠ ભાજપા - અગ્રણી ગોપીનાથ મુંડે જેવા કેટલાક નેતાઓએ તો પોતાની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં રજૂ પણ કરેલી. ગડકરી જેવા પ્રદેશ કક્ષાએ પણ જુનિયર ગણાય એવા કાર્યકર્તાને સીધા રાષ્ટ્રીય અધ્યક્ષ પદ પર આરૂઢ કરી દેવાથી એવા અનેક સિનિયરોનું સ્વમાન ઘવાયું હતું. પરંતુ ગડકરીએ તો પક્ષ પ્રમુખ તરીકે એવી માયાજાળ રચી દીધી કે એમને બીજા સત્ર માટે પણ પ્રમુખ તરીકે ચાલુ રાખવા પડે એવી સ્થિતિ સરજાઇ. એ માટે પક્ષના બંધારણની જોગવાઇઓમાં જરૂરી બંધારણીય સુધારા કરી દેવાયા. 'નારાજ નેતા' ને પક્ષના સંબંધો પણ સુધારી દેવાયા. એ માટે એમની વાહિયાત શરતો પણ સ્વીકારી લેવામાં આવી, જે અન્વયે રાષ્ટ્રીય કાર્યકારિણીના સભ્ય પદેથી સંજય જોષીનું રાજીનામું પણ માગી લેવાયું.



હવે જયારે ગડકરીજી માટે પક્ષના પ્રમુખ પદની બીજી ઇનિંગ્સ આડે કોઇ જ અડચણ નહોતી રહી ત્યાં એકાએક અરવિંદ કેજરીવાલના 'ઇન્ડિયા અગેન્સ્ટ કરપ્શન'નાં અંજલી દમણિયાએ ગડકરીના અજિત પવાર અને શરદ પવાર સાથેનાં મીઠઆ સંબંધોની ફ્લશ્રુતિ સમા સિંચાઇ કૌભાંડનો પર્દાફાશ કર્યો. એ ખેડૂતો પાસેથી સિંચાઇ યોજનાના નામે ઓળવેલી જમીન પૈકી વધારાની સો એકર જેટલી જમીન ગડકરીને પધરાવી દેવાની બાબતનો કોઇ સંતોષકારક ખુલાસો મળી રહે તે પહેલાં આ 'રાષ્ટ્રીય' નેતાની એક કંપની 'પૂર્તિ પાવર એન્ડ સુગર' ના અઢળક ગોટાળા બહાર આવ્યા છે. મીડિયાને લાંબો સમય ચાલે એવો ભરપૂર મસાલો મળી ગયો છે અને જે ગડકરી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના 'બ્લ્યુ આઇડ બોય' - લાડકવાયા પનોત્રા પુત્ર તરીકે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તરીકે બીજી ટર્મ મેળવવાની અણીએ પહોંચ્યા હતા એમની સામે એમનાં જ પક્ષમાં ભારે ચણભણાટ જાગી ઊઠ્યો છે. પ્રખર ધારાશાસ્ત્રી અને નરેન્દ્ર મોદીને ભાજપ દ્વારા વડાપ્રધાન પદના ઉમેદવાર જાહેર કરવા જોઇએ, એવો આગ્રહ રાખનારા રામ જેઠમલાણીએ ખુલ્લેઆમ ગડકરી સામે જંગ છેડી દીધો છે. એમણે ગડકરીને પક્ષના પ્રમુખપદેથી હટાવી એ પદ પર કોઇ સ્વચ્છ પ્રતિભા ધરાવતા નેતાની તાજપોશી કરવાનો પ્રસ્તાવ કર્યો છે. એમની દલીલમાં વજૂદ પણ છે. જો આગામી સામાન્ય ચૂંટણીઓમાં ભાજપ ભ્રષ્ટાચારને ચૂંટણી મુદ્દો બનાવી કોંગ્રેસને ધોબી પછાડ આપવા કૃતસંકલ્પ હોય તો આવા ભ્રષ્ટાચારના આરોપોથી ઘેરાયેલાં સુકાની ન જ ચાલે. ભાજપ જોરશોરથી ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવવા જશે કે તરત જ કોંગ્રેસ એમને આયનો બતાવી દેશે કે પહેલાં તમારા પ્રમુખને ચહેરો ખરડાયેલો છે, એને તો સાફ કરો.

ગડકરીની કંપની પૂર્તિ પાવર એન્ડ સુગર લિમિટેડની આવકનાં સ્ત્રોત સામે ગંભીર પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. ગડકરીની આ કંપનીના ભંડોળ પૈકી મોટા ભાગની રકમ 'આઇડિયલ રોડ બિલ્ડર્સ' આઇઆરબી ગ્રુપ પાસેથી લોન તરીકે મળેલી છે. મહારાષ્ટ્રની ભાજપ - શિવસેનાના સાકારમાં ગડકરી બાંધકામ ખાતાના મંત્રી હતા તે સમયગાળામાં - ૧૯૯૫ થી ૧૯૯૯ દરમિયાન આઇઆરબી ગ્રુપને ઘણા સરકારી કોન્ટ્રાક્ટ અપાયા હતા. આઇઆરબી ઉપરાંત ગડકરીની કંપનીમાં બીજી સોળ કંપનીઓ શેરહોલ્ડર છે. આ કંપની રજિસ્ટ્રાર પાસેથી મળેલ માહિતી પરથી આ કંપનીઓની તપાસ કરવામાં આવી ત્યારે પાંચ શેર હોલ્ડર કંપનીઓ તો અંધેરી કુર્લા રોડ પર આવેલ ઝૂંપડપટ્ટી વિસ્તારની એક રૂમના સરનામે રજિસ્ટર્ડ થયેલી હોવાનું જણાયું છે. બીજી ચાર કંપનીઓનું સરનામું ઝૂંપડપટ્ટીના લોકો માટેની એસઆરએ સ્કીમ હેઠળ બનાવાઇ રહેલ એક બિલ્ડિંગમાં અપાયેલ છે! આ બધી કંપનીઓ ગડકરીના નિકટવર્તી માણસોની છે. ખુદ ગડકરીનો ડ્રાઇવર આવી કંપનીનો ડાયરેક્ટર છે. ગડકરીના એકાઉન્ટન્ટ અને એમના પુત્રના મિત્ર પણ આવી કંપનીઓનાં ડાયરેક્ટરો છે. બેનામી કંપનીઓ પૈકી કેટલાંકનાં તો સરનામાં જ નથી મળતાં. કરોડોનું રોકાણ આવી બેનામી કંપનીઓ દ્વારા કરવામાં આવ્યું છે તે કાળા નાણાંને ધોળાં કરવાનો જ પદ્ધતિસરનો કીમિયો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# એકલું અટૂલું આસામ સો પ્લીઝ લવ અખોમ!

## આસામ અપીલ

પરસ્પરનો વિશ્વાસ ઊભો થાય કે પછી સરકાર સુરક્ષા પુરી પાડે છે આ બોડો - મુસ્લિમ નિરાશ્રિતો પોતાના ઘરે રહેવા પાછા જાય તો પણ શું? આખાંને આખાં ગામ વેરાન ભાસી રહ્યાં છે, ઘરો સળગી ગયાં છે - લૂંટાઇ ગયાં છે, કયાંક તો RCC નાં મકાનોને બોમ્બ મુકીને ઉડાવી દેવાયાં છે. ખેતરો કયાંક લહેરાય છે તો કયાંક ઉજડી ગયાં છે. જાયે તો જાયે કહાં!! એક વેરાન ઘરની ઓસરીમાં પડેલી નાની - શી ઢીંગલી મને કહી રહી હતી - 'મારી બહેનપણીઓને ઘરે લઇ આવો ને!'

૧૫ ઓગસ્ટ ૨૦૧૨ ના દિવસે જાગૃત જન એવોર્ડ સુપ્રસિધ્ધ સ્થપતિ શ્રી બી.વી. દોશીનાં હસ્તે શ્રી સુરેશભાઇ સોની, સુજાતા અને વિશ્વગ્રામને એનાયત થઇ રહ્યો હતો ત્યારે અમદાવાદની જુદી - જુદી શાળાના ૨૫૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ દેશભક્તિનાં ગીતો રજૂ કરી રહ્યાં હતા. એ વેળા સૌથી વધુ રીપીટ થનાર ગીત હતું.

ભારત હમકો જાન સે પ્યારા હૈ
સબસે પ્યારા ગુલિસ્તાં હમારા હૈ
આસામ સે ગુજરાત તક
બંગાલ સે મહારાષ્ટ્ર તક
જાતિ કઇ ધૂન એક હૈ
ભાષા કઇ સૂર એક હૈ
કશ્મીર સે મદ્રાસ તક
કહદો સભી હમ એક હૈ
આવાજ દો હમ એક હૈ
જાગો...

શું દેશ જમીનના ટુકડાઓથી બને છે કે પછી હૃદયના ટુકડાઓથી...?! જો દેશ હૃદયના ટુકડાઓથી બનતો હોય તો આસામની આટલી વિકટ પરિસ્થિતિમાં આપણે સૌ આટલા બધા ઉદાસીન કેમ? અમે અનુભવી રહ્યા છીએ કે આપણે એ 'અછૂત લોકો'ની હથેળી મૂકવી જ રહી!!

નવેમ્બરમાં વિશ્વગ્રામ - સદ્‌ભાવના ફોરમના વીસેક જેટલા સાથીઓએ આસામ જઇને (૧) આરોગ્યનું કામ (૨) બાળકો સાથેનું કામ (૩) ટ્રોમા કાઉન્સેલીંગનું કામ (૪) લાઇવડી હુડ સપોર્ટનું કામ વિગેરે કામો કરવાનું નક્કી કર્યું છે. કદાચ નવા કામો કરવાનું પણ થાય. આપણાં આ કામમાં નાગાલેન્ડ ગાંધીઆશ્રમ અને કોકિલા વિકાસ આશ્રમ નોર્થ ઇસ્ટની આ બંને સંસ્થાઓ પણ આપણી સાથે રહેશે.

વાસ્તવમાં તો આ સઘળા કામો દ્વારા આપણે એમનાં હૃદય સુધી પહોંચવાનું કરીશું અને શાંતિ સ્થાપનની સમગ્ર પ્રક્રિયામાં ખિસકોલી બનવાનું. પાકિસ્તાનનાં Musician સલમાન અહેમદે એક ઇન્ટરવ્યુમાં કહેલું કે 'India and Pakistan need Culturel fusion not nuclear Fusion.' શું આસામ અને આસામીઓ સાથેનાં ઇમોશનલ ફ્યુઝન માટે આપણે કશુંક તો કરીશું જ ને ...?!

**- તુલા-સંજય**

**શું દેશ જમીનના ટુકડાઓથી બને છે કે પછી હૃદયના ટુકડાઓથી...?! જો દેશ હૃદયના ટુકડાઓથી બનતો હોય તો આસામની આટલી વિકટ પરિસ્થિતિમાં આપણે સૌ આટલા બધા ઉદાસીન કેમ?**

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**


### ૨૭મી ઓક્ટોબર

● લાલભાઇ દલપતભાઇ સંસ્કૃતિ વિદ્યામંદિર - દાનવીર કસ્તુરભાઇનાં સહકારથી સ્થાપનારા પુણ્યવિજયજી મહારાજનો જન્મ - ૧૮૯૫. જૈન આગમનો, બ્રાહ્મિલિપિ ઉકેલવાની સિધ્ધિ તેમને પ્રાપ્ત હતી. આ સદીમાં જૈનધર્મના શ્રેષ્ઠ સંપાદક હતા.

● ૧૯૬૬ - બ્રિટનમાં ગર્ભપાત કાનૂની બન્યો.

● ૧૯૯૧ - અંગ્રેજ કવિ જયોર્જ ગ્રેનવિલ બાર્કરનું અવસાન.

● ૧૯૬૪ - ખાદીના અર્થશાસ્ત્રી - વૈકુંઠરાય મહેતાનું આવસાન.



● ૨૦૦૪ - સંતરામ મંદિરના મહારાજ નારાયણદાસજીનું અવસાન.



● ૧૯૩૭ - મહાન સંગીતજ્ઞ અબ્દુલ કરીમ કાલેખાનું અવસાન.